# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 30-10-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેવડિયામાં એકતાનગર ખાતે ૨૮૪ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું

2) કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે

3) **વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં શ્રેણીબધ્ધ ઉચ્ચ સ્તરીય બેઠકો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.**

4) અયોધ્યામાં ભવ્ય અને દિવ્ય દીપોત્સવ યોજાયોઃ 28 લાખ દીપ પ્રાગટ્ય સાથે વિશ્વવિક્રમ સર્જાયો

5) ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે તામિલનાડુ, પુડુચેરી, કેરળ, કરાઇલ અને માહેમાં ભારે વરસાદની આગાહી કરી

6) **દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર કાગીસો રબાડાએ પુરુષોની ICC ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**PM IN EKTA NAGAR**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે એકતા નગર ખાતે ૨૮૪ કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું. આ પ્રસંગે તેમણે નવા આકર્ષણ કેન્દ્રોની સાથે પ્રવાસનના વિકાસને પ્રોત્સાહન આપતા વિવિધ પ્રકલ્પોની અનાવરણ કર્યું.

પ્રધાનમંત્રીએ જે વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું તેમાં બોન્સાઈ ગાર્ડન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સરદાર સરોવર ડેમ એક્સપીરિયન્સ સેન્ટર, 22 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત શ્રી મોદીએ એકતા નગર ખાતે 10 સ્માર્ટ બસ સ્ટોપ અને 10 પિક-અપ સ્ટેન્ડ સહિતની સેવાઓના પ્રથમ તબક્કા ઉપરાંત, ૨૩ કરોડ ૨૬ લાખ રૂપિયાના ખર્ચે ૪ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્રોજેક્ટનું પણ લોકાર્પણ કર્યું.

પ્રધાનમંત્રી આવતીકાલે સવારે સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે સરદાર વલ્લભ પટેલની 150મી જન્મ જંયતિ પ્રસંગે પુષ્પાંજલિ અર્પણ કરશે. અહીં તેઓ ઉપસ્થિતોને એકતા દિવસની પ્રતિજ્ઞા લેવડાવશે, અને એકતા દિવસ પરેડના સાક્ષી બનશે. આ પરેડમાં 9 રાજ્યો અને 1 કેન્દ્ર શાસિત પ્રદેશની પોલીસ, 4 કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, NCC અને માર્ચિંગ બેન્ડની 16 ટુકડીઓ ભાગ લેશે.

## AMIT SHAH IN GUJARAT

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આવતીકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. આવતીકાલે સવારે તેઓ બોટાદના સાળંગપુરના પ્રસિધ્ધ કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે શ્રી ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનનું ઉદઘાટન કરશે. 200 કરોડ રૂપિયાનાં ખર્ચે બનેલા આ ભવનમાં અત્યાધુનિક સુવિધા ધરાવતા 1100 રૂમ બનાવવામાં આવ્યા છે.

શુક્રવારે શ્રી શાહ પિરાણા વેસ્ટ ડમ્પિંગ સાઇટ ખાતે રાજ્યના સૌથી મોટા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરશે. 375 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલો

આ પ્લાન્ટ દૈનિક 1 હજાર મેટ્રિક ટન ઘન કચરામાંથી 15 મેગા વૉટ ઊર્જા ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. આ પ્લાન્ટથી પિરાણા ખાતે થતું પ્રદૂષણ ઓછું થશે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, અમદાવાદના મેયર પ્રતિભા જૈન સહિતના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## EKTA DIVAS PLEDGE

વિશ્વ એકતા દિવસની પૂર્વ સંધ્યાએ આજે કેન્દ્રીય મંત્રાલયોમાં અધિકારીઓ અને કર્મચારીઓને એકતા શપથ લેવડાવવામાં આવી હતી. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જગતપ્રકાશ નડ્ડાએ નવી દિલ્હીમાં એકતા શપથ લેવડાવી હતી. આરોગ્ય રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવ, આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવ અને વરિષ્ઠ અધિકારીઓએ શપથ લીધા હતા. વિશ્વ એકતા દિવસ દર વર્ષે 31 ઓક્ટોબરનાં રોજ સરદાર વલ્લભભાઇ પટેલની જયંતી પર મનાવવામાં આવે છે.

(બાઇટ-જગતપ્રકાશ નડ્ડા)

નાગરિક ઉડ્ડયન સચિવ વી વુઆલનમ તથા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓએ નવી દિલ્હીમાં રાજીવ ગાંધી ભવન ખાતે એકતા અને અખંડિતતાનાં મૂલ્યોને જાળવી રાખવા પ્રતિજ્ઞા લીધી હતી. પ્રતિજ્ઞા બાદ એકતા દોડ યોજાઈ હતી, જેમાં મંત્રાલયના અધિકારીઓએ ભાગ લીધો હતો.

## RAILWAY - SPECIAL TRAIN

ભારતીય રેલવે દિવાળી અને છઠ પૂજાના તહેવારોમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા હજારો વિશેષ ટ્રેનો ચલાવી રહી છે. આ વર્ષે રેલવે મુસાફરોની સરળતા માટે ગયા વર્ષની સરખામણીમાં બે હજાર પાંચસો વધારાની ટ્રેનોનું સંચાલન કરી રહી છે.

તાજેતરમાં, રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે ગયા વર્ષે ચાર હજાર પાંચસો ટ્રેનોની સરખામણીએ આ વર્ષે વિશેષ ટ્રેનોની સંખ્યા વધીને સાત હજાર થઈ ગઈ છે.

(બાઇટ- અશ્વિની વૈષ્ણવ)

અમારા સંવાદદાતા જણાવે છે કે સ્ટેશનો પર વધારાના ટિકિટ કાઉન્ટરો ગોઠવવામાં આવ્યા છે. મુસાફરોની જરૂરિયાતને પહોંચી વળવા માટે ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન, પૂછપરછ કાઉન્ટર, પાણી અને ભોજનની સુવિધા તથા મોબાઈલ ટોઈલેટની પણ સ્થાપના કરવામાં આવી છે.

## RAILWAY MOU SWISS GOVT

ભારતીય રેલવેએ સ્વિટ્ઝર્લેન્ડના પર્યાવરણ, પરિવહન અને દૂરસંદેશાવ્યવહાર વિભાગ સાથે ટેકનિકલ સહયોગ વધારવા માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ કાર્યક્રમને સંબોધતા, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું કે એમઓયુ ભારતીય રેલ્વે સાથે ટેક્નોલોજી વહેંચણી, ટ્રેકની જાળવણી, વ્યવસ્થાપન અને બાંધકામ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ માટેનું વ્યાપક માળખું પ્રદાન કરશે. તેમણે જણાવ્યું આ એમઓયુ ભારતીય રેલ્વેને આધુનિક બનાવવાની સરકારની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે.

## PIYUSH GOYEL RIYAD VISIT

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં આજે શ્રેણીબધ્ધ ઉચ્ચ સ્તરીય બેઠકો અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

શ્રી ગોયલે ફ્યુચર ઇન્વેસ્ટમેન્ટ સમિટમાં પેનલ ડિસ્કશનમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે લુલુ હાઇપર માર્કેટમાં લુલુ વાળી દિવાળીનું ઉદઘાટન કર્યું.

શ્રી ગોયલ ભારતનાં આરોગ્યસંભાળ ક્ષેત્રમાં જોડાણની શક્યતા ચકાસવા જનરલ એટલાન્ટિકના ચેરમેન વિલિયમ ઇ ફોર્ડને મળ્યા હતા. તેમણે એનર્જી મેનેજમેન્ટ કંપની શ્નેડર ઇલેક્ટ્રિકના સીઇઓ પીટર હરવેક સાથે પણ બેઠક કરી હતી. શ્રી ગોયલ સાઉદી અરેબિયાના ઉદ્યોગ તથા રોકાણ મંત્રીઓ સાથે પણ બેઠક કરશે. દિવસના અંતે તેઓ ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરશે.

## *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## AYODHYA DEEPOTSAV

ભગવાન શ્રી રામની નગરી અયોધ્યામાં આજે ભવ્ય અને દિવ્ય દીપોત્સવ મનાવવામાં આવ્યો. પવિત્ર સરયુ નદીનાં 55 ઘાટ પર 28 લાખ દીવા પ્રગટાવીને વધુ એક વાર વિશ્વવિક્રમ સર્જવામાં આવ્યો છે.

આ પ્રસંગે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, કેન્દ્રીય મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સરયુ નદીના કિનારે આરતી કરી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશ વિદેશનાં તમામ ભારતીયોને દીવાળીની શુભેચ્છાઓ પાઠવી છે. એક સંદેશામાં સુશ્રી મુર્મુએ જણાવ્યું છે કે, દીવાળી ખુશી અને ઉત્સાહનો તહેવાર છે, જે અજ્ઞાન પર જ્ઞાનનાં વિજયનું પ્રતીક છે.

## DIWALI CELEBRATION US

અમેરિકામાં વ્હાઇટ હાઉસમાં દિવાળીની ઉજવણી થઈ હતી. સામાજિક માધ્યમની પોસ્ટમાં ભારતમાં અમેરિકાના રાજદૂત એરિક ગારસેટ્ટીએ અમેરિકામાં રહેતા ભારતીયોની પ્રશંસા કરી હતી.

28મી ઓક્ટોબરે અમેરિકાનાં ફર્સ્ટ લેડી જિલ બાઇડન અને રાષ્ટ્રપતિ જો બાઇડને વ્હાઇટ હાઉસ ખાતે દિવાળી ઉજવણીનું આયોજન કર્યું હતું, જેમાં અમેરિકામાં રહેતા ભારતીય મૂળનાં નાગરિકોને આમંત્રણ આપ્યું હતું. રાષ્ટ્રપતિ અને ફર્સ્ટ લેડી તરીકે આ તેમની છેલ્લી દિવાળી ઉજવણી હતી.

## IMD – RAINFALL

ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે તામિલનાડુ, પુડુચેરી, કેરળ, કરાઇલ અને માહેમાં ભારે વરસાદની આગાહી કરી છે. તામિલનાડુ, તટીય આંધ્રપ્રદેશ, યાનમ અને તેલંગાણામાં પણ હળવાથી સાધારણ વરસાદની આગાહી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી એક સપ્તાહ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાન સામાન્યથી વધુ રહેવાની સંભાવના છે.

## RABADA-BOWLING RANKINGS

દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર કાગીસો રબાડાએ પુરુષોની ICC ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છેતેમણે જોશ હેઝલવૂડ ., જસપ્રિત બુમરાહ અને રવિચંદ્રન અશ્વિનને પછાડી ટોચનું સ્થાન મેળવ્યું છેવર્ષીય રબાડાએ સૌથી 29 . ટેસ્ટ વિકેટ ઝડપનાર દક્ષિણ આફ્રિકાનો બનવાની સિધ્ધિ પણ હાંસલ કરી 300 ઝડપી .માં ટોચનાં ક્રમે હતા2018 રબાડા આ અગાઉ જાન્યુઆરી .છે

## PM ON TECHNOLOGY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, જ્યારે નવીનીકરણ અને ટેકનોલોજીની વાત થાય છે, ત્યારે ભારતીય યુવાનો શ્રેષ્ઠતમ યુવાનોમાં સ્થાન પામે છે. શ્રી મોદીએ ગિટહબના સીઇઓ થોમસ ડોમકેની એક સોશિયલ મિડિયા પોસ્ટ રજૂ

કરી હતી, જેમાં તેમણે પૃથ્વી પર સૌથી ઝડપથી વધી રહેલા ડેવલપરની સંખ્યા બદલ ભારતની પ્રશંસા કરી હતી. શ્રી ડોમકેએ જણાવ્યું કે, ભારતનાં ડેવલપર બહુ ઝડપથી આગળ વધી રહ્યા છે અને એક મહત્વપૂર્ણ ટુલ તરીકે એઆઇનો ઉપયોગ કરે છે.

તેમણે જણાવ્યું કે, જાહેર ઉત્પાદક એઆઇ પ્રોજેક્ટ્સમાં ભારતનું યોગદાન બીજા ક્રમે છે. એવી સંભાવના છે કે આગામી મહાન એઆઇ બહુરાષ્ટ્રીય કંપનીની શરૂઆત આ જ મહાદ્વીપમાં થશે.

## BANGLADESH-KILLED

બાંગ્લાદેશમાં, ચિત્તાગોંગ પર્વતીય વિસ્તારનાં ખાગરાછરી જિલ્લામાં યુનાઇટેડ પીપલ્સ ડેમોક્રેટિક ફ્રન્ટ-UPDF ના ત્રણ સભ્યોની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. એક નિવેદનમાં, UPDFએ જણાવ્યું હતું કે બુધવારે સવારે તોફાની તત્વોએ તેનાં ત્રણ કાર્યકરો પર ગોળીબાર કરતાં તેમનાં ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

UPDF બાંગ્લાદેશના ચટગાંવ પર્વતીય વિસ્તારનો પ્રાદેશિક રાજકીય પક્ષ છે. UPDFએ આવતી કાલે જિલ્લામાં એક દિવસના બંધનું એલાન આપ્યું છે.

## NDRF GOVIND MOHAN

કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને આજે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-NDRF એ છેલ્લાં એક વર્ષમાં ૯00થી વધુ બચાવ કામગીરીનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું છે અને ત્રણ હજારથી વધુ લોકોને બચાવ્યા છે. નવી દિલ્હીમાં શહીદ સ્મૃતિ સમારોહ પ્રસંગે શહીદોને શ્રદ્ધાંજલિ આપતાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી મોહને જણાવ્યું કે, NDRF નાગરિકો માટે ભરોસો અને વિશ્વાસના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. ગૃહ સચિવે ઉત્તરાખંડ, વાયનાડ, આંધ્રપ્રદેશ અને સિક્કિમમાં

કટોકટી દરમિયાન NDRFની બહાદુરીનો ઉલ્લેખ કર્યો. શ્રી મોહને કહ્યું કે દેશ હંમેશા શહીદોની બહાદુરી અને પ્રતિબદ્ધતાને યાદ રાખશે.